# ચોરીની શંકામાં ચાર યુવકને જાહેરમાં બાંધી બાંધી માર મરાયો

**વાંકાનેરના** કાટપિટિયાએ 45 હજારની માંગ કરી આખી રાત બંધક બનાવી રાખ્યા

**પરિવારજનોએ** ફાળો ઉઘરાવી 40 હજાર આપ્યા બાદ સવારે 10 વાગ્યે મુક્ત કરાયા

બારડોલી: બારડોલીના વાંકાનેર ગામે ચોરીની શંકાના આધારે ચાર યુવકને બંધક બનાવી, તેઓને દોરડાથી બાંધી લાકડીઓ વડે ક્રૂરતાપૂર્વક માર મારવાની અને ધમકાવીને નાણાં પડાવવાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે.

ફરિયાદ મુજબ, વાંકાનેરગામના વાડીફળિયામાં રહેતા અને જૂના મકાનના કાટમાળનું લે-વેચ કરતાં પરેશભાઈ રાજુભાઈ રાઠોડને શંકા હતી કે શિવરાત્રી દરમિયાન જ્યારે તેઓ બહારગામ ગયા હતા ત્યારે તેમના ભંગારમાંથી તાંબાના તારની ચોરી થઈ હતી. આ શંકાના આધારે, પરેશભાઈએ શુક્રવારે સવારે વાંકાનેર ગામના વાડીફળિયામાં રહેતા સાહીલ જીતુભાઈ હળપતી (ઉં.વ.19) ને કામના બહાને પોતાના ઘરે બોલાવ્યો હતો. ત્યારબાદ તેઓ અન્ય ત્રણ યુવકો સંતોષ જયેશભાઈ હળપતી, કરણ નીતિનભાઈ રાઠોડ અને લાજરસ અંકુરભાઈ હળપતીને પણ બોલાવ્યા હતા.

આરોપી પરેશભાઈએ ચારેય યુવકોને તાંબાના તારની ચોરી બાબતે પૂછપરછ શરૂ કરી હતી. યુવકોએ ઈનકાર કરતાં આરોપીએ ચારેય યુવકોના હાથ દોરડાથી બાંધી દીધા હતા. ત્યારબાદ, તેમને જાહેરમાં ઊભા રાખી લાકડીના સપાટા વડે ઢોર માર મારવાનું શરૂ કર્યું હતું. ફળિયાના લોકો પણ એકઠા થઈ ગયા હતા, પરંતુ આરોપીએ માર મારવાનું ચાલુ રાખ્યું હતું. આરોપીએ એવી શરત મૂકી હતી કે જો તેઓ 45,000 રૂપિયા આપે તો જ સમાધાન થશે. અંતે યુવકોના પરિવારજનોએ ભેગા થઈને 10-10 હજાર રૂપિયાની વ્યવસ્થા કરી કુલ 40,000 રૂપિયા આરોપીને આપ્યા હતા. તે બાદ આરોપીએ ધમકી આપી હતી કે જો હવે ફરી ચોરી કરી તો તમારા ટાંટિયા તોડી નાખીશ. ત્રાસ ગુજાર્યા બાદ સવારે 10 વાગ્યે યુવકોને મુક્ત કરવામાં આવ્યા હતા. સાહીલ હળપતીની ફરિયાદના આધારે બારડોલી રૂરલ પોલીસે આરોપી પરેશભાઈ રાજુભાઈ રાઠોડ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# JEE મેઈન સેશન-૨ માટે સિટી સ્લીપ જાહેર

**નોંધણી** ઓછી થતાં પરીક્ષાનાં દિવસો ઘટાડી દીધા

સુરતઃ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા જેઈઈ મેઈન સેશન-૨ માટે સિટી ઈન્ફોર્મેશન સ્લિપ જાહેર કરાતા વિદ્યાર્થીઓમાં તૈયારીનો અંતિમ તબક્કો શરૂ થયો છે. આ વખતે ખાસ વાત એ રહી છે કે ઓછા પ્રમાણમાં નોંધણી થતા પરીક્ષાના દિવસોમાં ઘટાડો કરવામાં આવ્યો છે, જે શિક્ષણ વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

મૂળ આયોજન મુજબ પરીક્ષા ૨થી ૯ એપ્રિલ વચ્ચે યોજાવાની હતી, પરંતુ હવે તે ૨થી ૮ એપ્રિલ દરમિયાન પૂર્ણ થશે. આ ફેરફારથી વિદ્યાર્થીઓને પરીક્ષાની તારીખો અંગે વધુ સ્પષ્ટતા મળી છે, સાથે જ આયોજનમાં લવચીકતા પણ જોવા મળી રહી છે. ગુજરાતમાં સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, નવસારી, વાપી સહિત કુલ ૧૫ શહેરોમાં પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ સત્તાવાર વેબસાઈટ પર જઈ પોતાની સિટી સ્લિપ ડાઉનલોડ કરી શકે છે, જેથી તેઓ પરીક્ષા કેન્દ્ર અને શહેર વિશે પૂર્વ માહિતી મેળવી શકે.

પ્રથમ સેશન જાન્યુઆરીમાં પૂર્ણ થયા બાદ જ બીજા સેશન માટે નોંધણી શરૂ કરવામાં આવી હતી. નોંધણી ચૂકી ગયેલા વિદ્યાર્થીઓને એક વધારાની તક આપતાં એજન્સીએ વધુ વિદ્યાર્થીઓને સામેલ કરવાની કોશિશ કરી હતી. તેમ છતાં, નોંધણી સંખ્યા અપેક્ષાથી ઓછી રહેતા પરીક્ષા સમયગાળા ટૂંકાવવામાં આવ્યો છે. હવે વિદ્યાર્થીઓની નજર ૨૫ માર્ચ પર છે, કારણ કે એ દિવસે એડમિટ કાર્ડ જાહેર થવાની શક્યતા છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ૨૦ એપ્રિલ સુધીમાં પરિણામ જાહેર કરવામાં આવશે, જેથી એન્જિનિયરિંગ પ્રવેશ પ્રક્રિયા આગળ વધી શકે.

## પેરોલ જમ્પનો આરોપી સોનગઢના જંગલમાંથી ઝડપાયો

સુરત : હત્યાના કેસમાં લાજપોર જેલમાંથી પેરોલ પર છૂટીને ફરાર થઈ ગયેલા આરોપીને પોલીસે સોનગઢના જંગલમાંથી ઝડપી લીધો છે. ગત ૧૪ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ પાંડેસરાના ગોવાલક રોડ ક્રિકેટ રમવાના ઝગડામાં શિવા નામના યુવાનની હત્યા થઈ ગઈ હતી. જેમાં પોલીસે દુર્ગેશ ઉર્ફે દિપક વિનોદ પાંડે (ઉ.વ. ૨૨)ની ધરપકડ કરી હતી. લાજપોર મધ્યસ્થ જેલમાં રહેલા દુર્ગેશ ઉર્ફે દિપક પાંડેએ ૧૦ દિવસના વચગાળાના જામીન મેળવ્યા હતા. જામીનની મુદત પૂરી થતા તેણે જેલમાં હાજર થવાનું હતું, પરંતુ તે છેલ્લા દોઢ મહિનાથી ફરાર થઈ ગયો હતો. દરમિયાન પોલીસને તે તાપી જિલ્લાના સોનગઢ કિલ્લા તરફ જતા જંગલમાં છુપાયો હોવાની બાતમી મળી હતી, જે બાતમીના આધારે પોલીસ તપાસ હાથ ધરી દુર્ગેશ ઉર્ફે દિપક વિનોદ પાંડેને સોનગઢના દેવજીપુરા અને પારસ ફળીયા પાસેથી ઝડપી લેવાયો હતો.



# સુરત જિલ્લા પંચાયતના રસ્તામાં વેઠ ઉતારાઇ છે

**અધૂરું** સાઈડ સોલ્ડરિંગ જોઈ સ્થળ દેખાતા એમએલએ મુકેશ પટેલે ગુણવત્તા ચકાસીને જ કોન્ટ્રોક્ટરને પેમેન્ટ કરવાની સૂચના આપી

સુરતઃ સુરત જિલ્લામાં જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવતા રોડના કામમાં ખામીઓ સામે આવતા સ્થાનિક ધારાસભ્ય મુકેશભાઈ પટેલ સક્રિય બની તંત્રને સખત સંદેશ આપ્યો છે. માર્ગ પર પસાર થતાં તેઓએ સાઈડ સોલ્ડરિંગનું કામ અધૂરું હોવાની ગંભીર નોંધ લીધી હતી, જેને પગલે તેઓ તાત્કાલિક સ્થળ પર જ ઊભા રહી રોડનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા.

સ્થળ પર થયેલી તપાસ દરમિયાન સાફ દેખાતી ખામીઓ અને અધૂરું કામ જોઈ તેઓએ સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી કે સાઈડ સોલ્ડરિંગનું કામ તાત્કાલિક પૂર્ણ કરવામાં આવે. માત્ર કામ પૂર્ણ કરવાનું નહીં પરંતુ તેની ગુણવત્તા પણ ઉચ્ચ સ્તરની હોવી જરૂરી હોવાનું તેમણે ખાસ જણાવ્યું હતું. ધારાસભ્ય મુકેશ પટેલે સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપી હતી કે, કામની ગુણવત્તા ચકાસણી કર્યા વિના કોઈપણ કોન્ટ્રાક્ટરને પેમેન્ટ કરવામાં નહીં આવે. આ સાથે અન્ય વિસ્તારોમાં થયેલા રોડના કામની પણ તપાસ કરવા માટે અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યા છે. આ અચાનક નિરીક્ષણ અને કડક વલણના કારણે તંત્રમાં હડકંપ મચી ગયો છે. લાપરવાહી દાખવનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવો સંકેત પણ આપવામાં આવ્યો છે. સ્થાનિક નાગરિકોમાં પણ આ પગલાંને લઈ સંતોષની લાગણી જોવા મળી રહી છે, કારણ કે લાંબા સમયથી રોડના કામની ગુણવત્તા અંગે પ્રશ્નો ઉઠતા રહ્યા છે. હવે ધારાસભ્યના હસ્તક્ષેપ બાદ કામમાં સુધારો આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ડુમસ સી-ફેસ પર ગંદકી કરનારા 26 લોકો દંડાયા

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા ડુમસ સી-ફેસ ખાતે રવિવારની રજામાં ઉમટી પડેલા હજારો શહેરીજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા માટે 'સેગ્રીગેશન અને ક્લીનલીનેસ કેમ્પેન' હાથ ધરવામાં આવ્યું હતું. મનપા કમિશનરની કમિશનરની સૂચનાને લઈ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આ વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અંતર્ગત 20 જેટલા સુપરવાઈઝર અને 6 વિવિધ NGOની ટીમોએ ડુમસ સી-ફેસ તેમજ દરિયા ગણેશ મંદિર પાસેના બીચ પર સ્ટોલ બનાવી, નાટકો અને લાઉડ સ્પીકરના માધ્યમથી લોકોને સૂકા અને ભીના કચરાનું વર્ગીકરણ કરવા તેમજ નિયત સ્થળે જ કચરો નાખવા અંગે સમજૂતી આપી હતી. આ ઝુંબેશમાં પ્રવાસીઓ, રમતા બાળકો અને સ્થાનિક રહીશોને જાહેર સ્થળો સાફ રાખવા, ગમે ત્યાં ન થૂંકવા અને દીવાલો ગંદી ન કરવા જેવી બાબતો પર ભાર મૂકવામાં આવ્યો હતો.

સ્વચ્છતાના આ અભિયાન દરમિયાન મહાનગરપાલિકાના સફાઈ કામદારો દ્વારા ડુમસ સી-ફેસ અને બીચના આસપાસના વિસ્તારોમાંથી અંદાજે 400 કિલો જેટલો કચરો એકત્ર કરવામાં આવ્યો હતો. જનજાગૃતિની સાથે સાથે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી પણ કરવામાં આવી હતી, જેમાં જાહેર સ્થળ પર ગમે ત્યાં કચરો ફેંકનારા 26 જેટલા વ્યક્તિઓ પાસેથી કુલ 4,900 રૂપિયાનો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, માત્ર બે અઠવાડિયા પહેલા જ લોકાર્પિત થયેલા આ સી-ફેસની સુંદરતા જળવાઈ રહે અને લોકોમાં જવાબદારીની ભાવના કેળવાય તે હેતુથી મનપા દ્વારા આ જનજાગૃતિ અભિયાન કરવામાં આવ્યું હતું.

## રેલવે પોલીસે CEIR પોર્ટલની મદદથી મોબાઇલ ચોરને પકડ્યો

સુરત : ટેક્નોલોજીના માધ્યમથી સુરત રેલ્વે પોલીસ (GRP) એ મોબાઈલ ચોરને ઝડપી લીધો છે.

પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ તપાસ તેજ કરવામાં આવી હતી. પોલીસે ચોરી થયેલા મોબાઈલ ફોનને શોધવા માટે CEIR (Central Equipment Identity Register) પોર્ટલનો ઉપયોગ કર્યો હતો. આ ટેક્નિકલ દેખરેખ અને કોલ ડિટેલ્સના આધારે પોલીસ આરોપીના સગડ મેળવવામાં સફળ રહી હતી. તપાસના અંતે પોલીસે સુરતના કોસાડ આવાસ વિસ્તારમાં રહેતા ૪૨ વર્ષીય એજાજ અબ્દુલકરીમ શેખને શ્રીરામ ચોકડી પાસેથી ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની અંગઝડતી લેતા તેની પાસેથી ચોરીનો મોટોરોલા કંપનીનો 'મોટો વન પાવર' (Moto One Power) બ્લેક કલરનો ૧૧,૬૯૯ની કિંમતનો ફોન મળી આવ્યો હતો.

# આજથી શરૂ થતી DTCની ત્રીજી સાઈટમાં ભાવ સ્થિર રહેવાની અપેક્ષા

**યુએઈ** પર હુમલાને પગલે તૈયાર હીરાની માંગમાં મોટો ઘટાડો

**સુરત**-મુંબઈના સાઇટ હોલ્ડરોની રફના ભાવ પર મીટ

સુરતઃવૈશ્વિક સ્તરે ડાયમંડ માર્કેટમાં હાલમાં ભારે અનિશ્ચિતતાનો માહોલ જોવા મળી રહ્યો છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા બાદ મિડલ ઈસ્ટના 9 જેટલા દેશોમાં યુદ્ધની જે અસર ફેલાઈ છે, તેનાથી હીરા અને ઝવેરાત ઉદ્યોગનો વેપાર લગભગ ઠપ થઈ ગયો છે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે ડી બીયર્સ ગ્રુપની કંપની ડીટીસી (ડાયમંડ ટ્રેડિંગ કંપની)ની વર્ષ 2026ની ત્રીજી સાઈટ આવતીકાલે એટલે કે 23 માર્ચથી શરૂ થવા જઈ રહી છે.

યુએઈના દુબઈમાં થયેલા હુમલા બાદ હીરા ઉદ્યોગ પર તેની અત્યંત નકારાત્મક અસર પડી છે. ખાસ કરીને તૈયાર કટ એન્ડ પોલિશ્ડ હીરાની ડિમાન્ડમાં મોટો ઘટાડો નોંધાયો છે. અમેરિકા, મિડલ ઈસ્ટ અને યુરોપ જેવા મુખ્ય બજારોમાં તૈયાર જ્વેલરીની માંગ ઘટતા એક્સપોર્ટ સેગમેન્ટને મોટો ફટકો પડ્યો છે. આ મંદીના વાતાવરણને કારણે સુરત અને મુંબઈના નેચરલ ડાયમંડ મેન્યુફેક્ચર્સ અને સાઈટ હોલ્ડરો અપેક્ષા રાખી રહ્યા છે કે આવતીકાલથી શરૂ થતી સાઈટમાં રફ ડાયમંડના ભાવો કાં તો ઘટશે અથવા તો સ્થિર રહેશે.

ભારત અને વૈશ્વિક સ્તરના સાઈટહોલ્ડર્સ માટે આ સાઈટ 23 માર્ચથી 27 માર્ચ સુધી એટલે કે પાંચ દિવસ ચાલશે. નોંધનીય છે કે વર્તમાન સપ્લાય કરારને 30 જૂન, 2026 સુધી લંબાવવામાં આવ્યો છે, જે વેપારીઓ માટે થોડી રાહત સમાન છે. ભૂતકાળમાં રફ ડાયમંડનું મોટાભાગનું ઓક્શન અને ડિલિવરી દુબઈથી થતી હતી, પરંતુ હાલની ભૌગોલિક-રાજકીય સ્થિતિને જોતા વેપારની ગતિવિધિઓ પ્રભાવિત થઈ છે.ભારતીય હીરાના વેપારીઓ માત્ર દુબઈ પર નિર્ભર ન રહેતા બોત્સ્વાના, નામિબિયા અને દક્ષિણ આફ્રિકા જેવા દેશોમાંથી પણ સીધી રફ ડાયમંડની ખરીદી કરી રહ્યા છે. જોકે, વૈશ્વિક સ્તરે જ્વેલરીની માર્કેટ ઠંડી હોવાથી આ સાઈટમાં રફના ભાવ કેવા રહેશે તેના પર સમગ્ર સુરતના હીરા જગતની નજર ટકેલી છે.

# ગુજરાતમાં દિવસે ગરમી રાત્રે ઠંડીનો અનુભવ !

**તાપમાનનો** પારો સરેરાશ 35 ડિગ્રીએ પહોંચ્યો

અમદાવાદ : ગુજરાતમાં હાલ હવામાનનું ડબલ સ્વરૂપ જોવા મળી રહ્યું છે. એક તરફ દિવસ દરમિયાન ગરમી ધીમે ધીમે પકડાઈ રહી છે, તો બીજી તરફ સવાર અને રાત્રિના સમયે હજુ ઠંડીનો અહેસાસ યથાવત્ છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ ડીસા અને વલ્લભ વિદ્યાનગરમાં લઘુત્તમ તાપમાન 19 ડિગ્રી સુધી પહોંચી ગયું હતું, જેના કારણે વહેલી સવારે ઠંડકનો માહોલ અનુભવાયો હતો.

બીજી તરફ રાજ્યના મોટા ભાગના શહેરોમાં મહત્તમ તાપમાન સતત ઊંચું નોંધાઈ રહ્યું છે. કંડલા પોર્ટ પર સૌથી વધુ 35 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જ્યારે રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, કેશોદ અને સુરતમાં પણ 35 ડિગ્રી સુધી પારો પહોંચ્યો હતો. અમદાવાદ અને ગાંધીનગરમાં 34 ડિગ્રી, વડોદરામાં 34 ડિગ્રી અને ભાવનગર, પોરબંદર તથા મહુવામાં 33 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### લંગરથી સી-ફેસ...

આયોજનોનો પનો ટૂંકો પડતો જોવા મળ્યો હતો. ગયા રવિવારની જેમ આ રવિવારે પણ લોકો મુશ્કેલીમાં મૂકાયા હતા અને હજારો લોકો તો પરત આવી ગયા હતાં. આગામી દિવસોમાં મનપા અને પોલીસ વિભાગ નક્કર આયોજન નહીં કરે, તો આ ડ્રીમ પ્રોજેક્ટ સુરતીઓ માટે 'સપનું' બનીનું રહી જશે.

વિસ્તૃત વિગતો મુજબ સુરત મહાનગર પાલિકાએ ડુમસ સી-ફેસ ખુલ્લો તો મૂકી દીધો છે પરંતુ તેની મોજ માણવા જતા લોકો માટેનો અનુભવ યાતનાનો જ સાબિત થાય છે. સાત વાગ્યે ડુમસ સી ફેઈસ બંધ કરી દેવાતો હોવાથી સાંજે છ સાત વાગ્યે પહોંચેલા શહેરીજનોને ધરમનો ધકોકો પડયો હતો.

ચાર કીમી સુધીનો ટ્રાફિક જામ થયો હતો સુરત એરપોર્ટથી ડુમસ લંગર સુધીનો ટ્રાફિક જામ થઈ જતા રીક્ષા કાર, ટુવ્હીલર લઈને આવેલા લોકો અટવાયા હતા. અમુક લોકોએ વાહનો બે થી અઢી કીમી પહેલા જયાં જગ્યા મળી ત્યા પાર્ક કરી ચાલીને દરીયા કિનારા સુધી જવુ પડયું હતું. સાંજે સાત વાગ્યે એન્ટ્રી તો બંધ કરી જ દેવામાં આવી હતી પરંતુ અંદર પહોંચી ગયેલા લોકોને પણ બહાર કાઢવામાં આવ્યા હતાં.

### ડુમસ પીઆઇને...

શનિવારે અને રવિવારે લોકો મોટી સંખ્યામાં આવી રહ્યા છે. જેથી સ્ટેચ્યુ ઓફ યુનિટીની જેમ સુરતમાં પણ ડુસમ સી ફેઝ પ્રોજેક્ટ માટે સ્લોટની સીસ્ટમ કરી દેવામાં આવે તો રાહત થાય તેવુ લાગી રહ્યું છે. જો કે તેમને એ ખબર નથી કે, ત્યાં ટિકિટ છે અહીં ફ્રી એન્ટ્રી છે એટલે સ્લોટ કઇ રીતે કરી શકાય?

### નકલી નોટ...

મળી રહ્યો છે. આશ્રમની નજીક રહેતા એક યુવકને યોગગુરુ પ્રદિપના પિતાએ ફોન કરીને ધમકી આપી હતી તેમજ કોઈ સાધિકાએ પણ અમારા ગુરુજીને શું કામ બદનામ કરો કરો છો અને આશ્રમ પર ખોટા આક્ષેપ કરો છો, તમારી સામે માનહાનિનો દાવો પણ કરીશું, તેવી ધમકીઓ આપવામાં આવી રહી હોવાની ચર્ચા ઊઠી છે. ગામ લોકોએ આશ્રમને તોડી પાડવા માટે માંગ કરી છે.

### બે મેચ રમ્યા...

આઘાત પડ્યો છે.

## યુવાનોમાં વધતી 'સાઈલેન્ટ' હાર્ટ સમસ્યાઓ

આ ઘટનાને માત્ર એક દુર્ઘટના તરીકે નહીં જોતા તબીબી નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે આજકાલ યુવાનોમાં "સાઈલેન્ટ હાર્ટ ડિસીઝ"ના કેસ વધી રહ્યા છે. બહારથી સ્વસ્થ દેખાતા લોકોમાં પણ બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ, અથવા સ્ટ્રેસ જેવા કારણો અંદરથી ગંભીર અસર કરતા હોય છે. ખાસ કરીને જિમ, ક્રિકેટ, ફૂટબોલ જેવી હાઈ-ઇન્ટેન્સિટી એક્ટિવિટી દરમિયાન અચાનકકાર્ડિયાક અરેસ્ટના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે.

## જીવનશૈલી બની રહી જોખમનું કારણ

ડોક્ટરોના જણાવ્યા મુજબ અનિયમિત જીવનશૈલી, કામનો તણાવ, ઊંઘનો અભાવ, ફાસ્ટ ફૂડનું વધતું સેવન અને વ્યાયામમાં અચાનક ભારે લોડ લેવું - આ બધા કારણો યુવાનોમાં હાર્ટ રિસ્ક વધારતા પરિબળ બની રહ્યા છે. કમલેશ સાલવી પણ ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા હતા, જેથી લાંબા સમય સુધી બેસીને કામ કરવું અને તણાવભર્યું શેડ્યૂલ પણ એક પરોક્ષ કારણ બની શકે છે.

## નિષ્ણાતોની સલાહ: સાવચેતી જ જીવન બચાવે

- નિયમિત હાર્ટ ચેકઅપ કરાવવો
- કોઈપણ રમત પહેલા વોર્મ-અપ ફરજિયાત કરવું
- શરીરની ક્ષમતા પ્રમાણે જ એક્સરસાઈઝ કરવી
- છાતીમાં દુખાવો, શ્વાસમાં તકલીફ કે ચક્કર આવે તો તરત તપાસ કરાવવી

### ડોલર 93 સુધી...

ડોલરના આ રૂ.11ના વધારાને કારણે વિદેશમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓના વાર્ષિક ખર્ચમાં સીધો લાખો રૂપિયાનો વધારો થયો છે. ઉદાહરણ તરીકે, જો કોઈ વિદ્યાર્થીનો વર્ષનો ખર્ચ $25,000 હોય, તો માત્ર કરન્સી બદલાવને કારણે જ લગભગ રૂ.2.75 લાખ જેટલો વધારાનો ખર્ચ સહન કરવો પડે છે. વિદેશી અભ્યાસ અને ઇમિગ્રેશન ક્ષેત્રે છેલ્લા 21 વર્ષથી કાર્યરત કન્સલ્ટન્ટ પ્રશાંત જોષી જણાવે છે કે સુરત, કેનેડા અને યુએઈ (શારજાહ) સ્થિત ઓફિસ મારફતે તેઓ સતત વિદ્યાર્થીઓ સાથે સંપર્કમાં રહે છે. તેમની સાથે થયેલી વાતચીતમાં સ્પષ્ટ થયું છે કે વધતા ડોલર દરને કારણે વિદ્યાર્થીઓના જીવનખર્ચમાં નોંધપાત્ર વધારો થયો છે.

## વિદેશી અભ્યાસનો ROI બદલાઈ રહ્યો છે: કરન્સી અસર સમજવી જરૂરી

નિષ્ણાતોનું માનવું છે કે યોગ્ય દેશ, યોગ્ય કોર્સ, સ્કોલરશિપ અને સંપૂર્ણ ખર્ચની આગોતરી યોજના વિના લેવાયેલા નિર્ણયો ભવિષ્યમાં આર્થિક દબાણ ઊભું કરી શકે છે. તેથી વિદ્યાર્થીઓ અને માતા-પિતાએ હવે વધુ સચેત બનીને નિર્ણય લેવો જરૂરી છે. વિદેશી અભ્યાસ હવે માત્ર સપનું નથી, પરંતુ એક મોટું ઈન્વેસ્ટમેન્ટ બની ગયું છે. અને દરેક ઈન્વેસ્ટમેન્ટ પહેલા જોખમ અને રિટર્ન (ROI) સમજવું અનિવાર્ય છે. નહીં તો આ સપનું ભવિષ્યમાં આર્થિક ભારરૂપ બની શકે છે.

### મિત્ર દરવાજો બંધ...

કરી બાળકની હિલચાલ ટ્રેક કરવાના પ્રયાસો કર્યા હતા. ઈદના તહેવારને કારણે બજારમાં ભીડ હોવાથી પોલીસ માટે આ પડકારજનક હતું.

જોકે, પોલીસે ટેકનિકલ વર્કઆઉટ અને હ્યુમન સોર્સિંગના આધારે જાણ્યું હતું કે બાળક છેલ્લે તેના જ જેટલી જ ઉંમરના એક મિત્ર સાથે રમતો હતો. તેની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, રમતા-રમતા બંને મિત્રો નજીકની એક અવાવરુ બિલ્ડિંગમાં ગયા હતા, જ્યાં રમતમાં જ બીજા બાળકે અબુતલ્હા જે રૂમમાં હતો તેનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો.

### મિત્રએ સાથે...

ભાગવાની ફિરાકમાં છે. પોલીસે તાત્કાલિક ઘેરો ઘાલી તેને ઝડપી પાડ્યો હતો. રકબીર સામે અગાઉ પલસાણા અને સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થઈ ચૂક્યો છે.

# ધો. ૧૨ની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મ કરનાર વિધર્મી ઝડપાયો

**સોશિયલ** મીડિયાથી સંપર્કમાં આવ્યા બાદ નગ્ન ફોટા મંગાવ્યા

**ફોટાના** આધારે બ્લેકમેલ કરી પાલની હોટલમાં લઇ જઇ શરીરસંબંધ બાંધી વિડીયો ઉતારી લીધો

**સગીરાના** ભાઇના હાથમાં મોબાઇલ આવતા ભાંડો ફૂટ્યો, ભાઇને પણ ઉંચકાવી લેવાની ધમકી આપી

સુરતઃ સોશિયલ મીડિયા મારફતે સંપર્કમાં આવેલી ઇચ્છાપોરમાં રહેતી ધોરણ ૧૨ની વિદ્યાર્થિનીને વિધર્મી યુવકે પ્રેમજાળમાં ફસાવી હતી. તે તેને હોટેલમાં લઇ ગયો હતો અને ત્યાં દુષ્કર્મ કર્યું હતું. એટલું જ નહીં તેણે કિશોરી પાસે વોટ્સએપ પર મંગાવેલા નગ્ન ફોટા અને અંગત પળના વીડિયોના આધારે તેને બ્લેકમેલ કરતો હતો. આ મામલો પોલીસમાં પહોંચતા લંપટ યુવાનની ધરપકડ કરવામાં આવી છે.

ઇચ્છાપોર વિસ્તારમાં રહેતી સગીરા ગત માર્ચ-૨૦૨૫માં ઈન્સ્ટાગ્રામ મારફતે ક્રિષ્ણાનગર સોસાયટીમાં રહેતા ૨૩ વર્ષીય મોહંમદ સાજીદ ઉર્ફે અહદ મોહંમદ જાવેદ પઠાણના સંપર્કમાં આવી હતી. તેણે તેને લગ્નનું વચન આપી તેની પાસેથી વોટ્સએપ પર તેના નગ્ન ફોટાઓ મંગાવવાનું શરૂ કર્યું હતું.

આ ફોટા સોશિયલ મીડિયામાં ફરતા કરવાની ધમકી આપી તે તેને પાલ વિસ્તારની એક હોટલમાં લઇ ગયો હતો અને ત્યાં તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધી તેનો પણ વીડિયો ઉતારી લીધો હતો. તેના આધારે તે તેને બ્લેકમેલ કરી ઘરની આસપાસ આંટા મારતો હતો.

જ્યારે સગીરાનો મોબાઈલ તેના ભાઈના હાથમાં આવ્યો અને આ સમગ્ર કરતૂત ખુલ્લી પડી ગઈ. તે સાજીદને સમજાવવા ગયો, ત્યારે આરોપીએ 'તને ઊંચકાવીને ગમે ત્યાં ફેંકી દઈશ' તેવી ધમકી આપી હતી. બનાવની ફરિયાદ થતાં ઇચ્છાપોર પોલીસે મોહંમદ સાજીદની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી શહેરની એક ગ્લાસની દુકાનમાં મજૂરી કામ કરે છે.

# અમરેલીમાં વિરાટ શેડનું લોકાર્પણ કરતાં સીએમ

**રૂ.707** કરોડના 24 વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત



ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લાના વિકાસને નવી ગતિ આપતા કુલ 707 કરોડના 24 વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમાં 681.78 કરોડના 14 કામોના ખાતમુહૂર્ત અને 25.23 કરોડના 10 કામોના લોકાર્પણનો સમાવેશ થાય છે. અમરેલી APMC ખાતે યોજાયેલી જનસભામાં મુખ્યમંત્રીએ ખેડૂતો માટે 12 કરોડના ખર્ચે બનાવાયેલા વિશાળ "વિરાટ શેડ"નું પણ લોકાર્પણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર અમરેલી જિલ્લાના વિકાસ માટે ઉદાર હાથે નાણાં ફાળવશે અને ગુણવત્તાયુક્ત કામ દ્વારા વિકાસયાત્રા આગળ ધપાવશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર રીજનલ વાઈબ્રન્ટ સમિટમાં અમરેલી માટે આશરે 36,000 કરોડના એમઓયુ થયા છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | ૧ | | ૬ | ૮ | ૭ | ૪ | ૩ |
| ૩ | ૪ | | ૧ | | | ૬ | | |
| | | | ૪ | | | ૨ | | ૧ |
| | | ૪ | | ૮ | | ૩ | | ૬ |
| ૨ | | ૩ | ૬ | ૭ | | ૫ | ૧ | |
| ૮ | ૬ | | ૩ | | | ૪ | | |
| ૪ | ૫ | ૯ | ૨ | ૧ | ૩ | | ૬ | ૭ |
| | | | | ૫ | ૬ | | | |
| ૬ | ૭ | | ૮ | | ૯ | ૧ | ૩ | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### શરીર પર સોજા

કરિયાતું અને સૂંઠ સમાન ભાગે લઈ ચૂર્ણ કરવું. કરિયાતું મૃદુ વિરેચક, જંતુઘ્ન અને પાચક છે. રોજ સવાર સાંજ એક એક ચમચી ચૂર્ણ પાણીમા ફાંટ બનાવીને લો. શરીર ઉપરાંત શ્વાસનળીનો સોજો પણ મટે છે. એક કપ ઉકળતા પાણીમાં એક ચમચી ચૂર્ણ નાખી ઢાંકી દો. ઠંડુ પડે ત્યારે પી જવું. આ ફાંટ કહેવાય.

## શબ્દગુંફન - ૭૧૮૬

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. પરમેશ્વર (૪)
૩. દુ:ખની કહાણી (૫)
૬. ઝાંઝર (૩)
૭. છૂટું પાડી નાખવું તે (૪)
૯. યુદ્ધ કરનાર, યોદ્ધો (૪)
૧૦. પિતાના ભાઈ (૨)
૧૧. ખામી, ગફલત (૨)
૧૨. રણક્ષેત્રે, યુદ્ધભૂમિ (૫)
૧૫. એક નળાકાર વાસણ (૩)
૧૮. સુરક્ષિત (૪)
૨૧. ઉપાધિ, દરજ્જો (૩)
૨૪. શુદ્ધ, પવિત્ર (૩)
૨૫. શારીરિક ઈજા, ઘા (૩)
૨૬. એક મિઠાઈ (૪)
૨૮. જંગલ (૨)
૨૯. દોરડાં પર નાચનાર (૨)
૩૦. પાલવ, છેડો (૩)

**ઊભી ચાવી**

૧. જગત (૨)
૨. આગેવાન, સરદાર (૩)
૩. રાજા (૨)
૪. એક જાતનું ઝાણું કપડું (૪)
૫. સમય પ્રમાણે યોગ્ય જવાબ તરત આપી શકે એવું (૬)
૬. પાંદડું, પર્ણ (૨)
૭. ખીલવું તે (૩)
૮. આંટો, ફેરો (૩)
૧૧. જમીન, ધરતી (૨)
૧૩. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૧૪. મૂર્ખ, લુચ્ચું (૨)
૧૬. ફળો વગેરેનું પ્રવાહી (૨)
૧૭. અવાજ, ઘોષ (૨)
૧૯. યોગ્યતા (૩)
૨૦. સૂર્ય (૩)
૨૧. ખુશબો (૪)
૨૨. વિદ્યુત, વિજળી (૨)
૨૩. પવિત્ર સ્થળ, ઘર (૨)
૨૬. દરજ્જો, પદવિ (૨)
૨૭. પીડા, કંટાળો (૨)

## આજનું પંચાંગ

**તા. 23/03/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** સુદ : પાંચમ:18:40, - શ્રી પંચમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર-02
**યોગ :** વિષ્કુંભ **કરણ:** બવ
**નક્ષત્ર :** કૃતિકા:20:51
**રાશિ:** વૃષભ (બ.વ.ઉ.)
**દિવસ :** સામાન્ય - કલ્પાદિ
**સુરતમાંસૂર્યોદય:**06:42 **સુરતમાંસૂર્યાસ્ત**:18:49
**નવકારસી :** 07:30
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 11મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે : 07:30 થી 09:00

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ખાણી-પીણી, દલાલી, શિક્ષણ અને માર્કેટીંગને લગતાં કામમાં આવક વધે. નવી તક મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** શુભ સમાચાર મળે. આવક વધે. નોકરીમાં નવી તક ઊભી થાય. સમાજમાં સાવધાની રાખવી.

**મિથુન (ક,છ,ઘ,):** હોસ્પિટલ, સમાજ સેવા, કોર્ટ, કચેરીને લગતાં કામમાં અનુકૂળતા વધશે. ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** પ્રેમમાં સાથ મળે. વિદ્યાભ્યાસમાં અનુકૂળતા રહે. મિત્રોનો સાથ સામાજિક કામમાં મળે. આવક વધે.

**સિંહ (મ,ટ,):** નવા ધંધા વેપાર માટે વડીલોની મદદ ઉપયોગી રહે. નોકરીમાં પ્રમોશન થઇ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ,):** વિદેશનાં કામમાં ગતિ આવે. ધાર્મિક પ્રવાસ, ઉચ્ચ શિક્ષણ, કાયદા જેવા કામમાં પ્રગતિ.

**તુલા (ર,ત,):** સરકારી કામમાં લાભ મળે. સરકારી યોજનાના લાભ મળે. ઉઘરાણી આવી શકે છે. મન અશાંત.

**વૃશ્ચિક (ન,ય,):** માનસિક પીડા વધશે. ઘરમાં અશાંતિ રહે. સંતાનોની ચિંતા સતાવે. રોજના કામમાં પ્રગતિ.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ખાવા-પીવાના શોખીનોની પાચનક્રિયા બગડી શકે છે. વિજાતિય આવેગ પર કાબૂ પર રાખવો.

**મકર (ખ,જ,):** સંતાનોની ચિંતા સાતવે. શેર બજારમાં ધીરજ રાખવી. પ્રેમ વિવાહની ઓફર આવે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** બહારનાં કામ સરળ બને. નવાં લોકોને મળવાથી નવું શીખવા મળે. આવક વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** અટકેલાં કામ પાર પડશે. દલાલી ને વક વધશે. પ્રવાસમાં મિલન મુલાકાત થાય.

## કોઈ પણ સાલમાં 23 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી જવાબદારી સાથે પ્રગતિ થાય. ધંધામાં હરીફો વધશે. સમાજમાં તાલમેળ રાખવો પડે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ટેકનોલોજીનો લાભ મળે.ઉંમરલાયકના વિવાહ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોની મદદ મળે. વડીલોની મદદ સંતાનોનાં કામ કોર્ટ, કચેરી વીલ-વારસા, સામાજિક અને કાયદાકીય બાબતોમાં મળે નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં ચડતી પડતી રહે. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. નવી નોકરીની યોજના પાર પડશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. મે-જૂન-ઓગસ્ટ સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 5, 14, 23 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે જૂન-જુલાઈ શનિવાર, 7, 16, 25 તારીખ નવા કામમાં ટાળવી. લીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. કાળો, લાલ રંગ ઉપયોગમાં લેવા નહીં.